## વડીલોને વંદન અભિનંદન



આસીબેન મહંમદભાઈ શેખ
(૧૯૪૪)મો.૯૯૦૪૪૪૧૯૨૨

# ગુડાની આવાસ યોજના સંદર્ભે આજે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો થશે

## ચિલોડા, અડાલજ અને રાયસણના આવાસો અન્વયે ડ્રો થશે

ગાંધીનગર, તા.૧૩
મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આજે ગુડા દ્વારા આયોજિત શુભ-લાભ આવાસ યોજના સંદર્ભે ડ્રોની પ્રકીયા હાથ ધરવામાં આવશે. ચિલોડા, અડાલજ અને રાયસણના આવાસો અન્વયે અરજદારો માટે પ્રથમ તબક્કાના ડ્રોની કાર્યવાહી હાથ ધરાશે.

મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે રાજયના વિવિધ શહેરોમાં ૫૧૦૧૫ આવાસો અંતર્ગત સામુહિક ખાતમુહુર્ત, લોકાર્પણ તેમજ કોમ્પ્યુટરાઈઝડ ડ્રોની પ્રકીયા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે નિર્માણ થતી શુભ-લાભ આવાસ યોજનાના મકાનોનો પણ ડ્રો કરવામાં આવશે. મહાત્મા મંદિર ખાતે બપોરે ૧ કલાકે ડ્રોની પ્રક્રિયા હાથ ધરાશે. ગુડા દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરીવારજનો માટે આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આવાસ યોજના અન્વયે ૧૨૪૩ ફોર્મ આખરી થયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જો કે સૂત્રોના જણાવ્યા મુજબ ૧૧૨૦ આવાસો માટે ડ્રોની કાર્યવાહી હાથ ધરાશે જયારે બાકીની કામગીરી બીજા તબક્કામાં હાથ ધરાશે. ગુડા મકાનોના ડ્રો દરમિયાન રાજયમંત્રી દિલીપકુમાર ઠાકોર, હેમલતાબેન બારોટ તેમજ ભાવનાબેન દવે ઉપસ્થિત રહેશે. ડ્રોની પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ રહેશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિએ ૧૭મી ફેબ્રુઆરીના રોજ લીડરશીપ ડેવલપમેન્ટ વર્કશોપના આયોજન માટે ખાસ બેઠક બોલાવી છે.
- ગાંધીનગર જિલ્લા દ્વારા હાથ ધરાયેલ સામુહિક સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન આદરજ મોટી ગામે ગયા હતા.
- ગાંધીનગરમાં આજે ભાજપના પ્રભારીશ્રી ઓમ માથુર અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ વચ્ચે બંધ બારણે તેમના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી.
- રવિવારે યોજાનાર મહેસુલી તલાટી સંવર્ગની જાહેર પરીક્ષાની તડામાર તૈયારીમાં મહેસુલી તંત્ર ગળાડુબ બન્યું છે.
- વિધાનસભાના ટૂંકા સત્રના છેલ્લા ત્રણ દિવસ ડબલ બેઠકો રાખવામાં આવી છે.

## બ્રહ્મ સમાજનો જીવનસાથી મેળો

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા ચોથો જીવનસાથી પસંદગી સંમેલન તા. ૨૭ એપ્રિલ રવિવારના રોજ યોજવામાં આવશે.

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ત્રણ જીવનસાથી સંમેલનની સફળતા બાદ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળો આગામી એપ્રિલ મહિનામાં યોજવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતિઓએ પોતાના પ્રવેશપત્ર તા. ૧૫ માર્ચ સુધી કાર્યાલય ખાતે પહોંચતા કરવા જણાવવામાં આવ્યું છે.

## સિસિકાની બેઠક

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્સ સભ્યોની માસિક બેઠક તા. ૧૬ ફેબ્રુઆરી રવિવાર સવારે ૧૦.૦૦ કલાકે સિસિકાના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

## ગાંધીનગર સમાચારના ઉમરેઠના પ્રતિનિધિનું અવસાન

ખેડા જિલ્લાના ઉમરેઠ ખાતે ગાંધીનગર સમાચારના અખબારી પ્રતિનિધિ તરીકે ફરજ બજાવતા શહીદભાઈ ચૌહાણનું આજે નિધન થવા પામ્યું છે. સ્વર્ગસ્થની અંતિમવિધિમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. પ્રતિનિધિના નિધનના સમાચાર 'ગાંધીનગર સમાચાર' કાર્યાલય ખાતે મળતા મેનેજીંગ તંત્રી સહિત ગાંધીનગર સમાચાર પરિવારે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી હતી.

## અવસાન નોંધ

રાજેશ્વર ત્રિભોવનદાસ શ્રીમાળીનું તા. ૧૨ ફેબ્રુઆરી બુધવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું/માસિયા તેમના નિવાસસ્થાને બી-૨૪ હરિનગર સોસાયટી વાવોલ, ગાંધીનગર ખાતે તા. ૧૪ ફેબ્રુઆરી શુક્રવાર સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા મહિલાઓમાં વધતી મેદસ્વિતા અને રોગોના ઉપચાર અંગે બે દિવસીય શિબિર યોજવામાં આવી હતી. જેમાં નેચરોપેથી નિષ્ણાત વંદનાબેન પટેલે નેચરોપેથી દ્વારા મહિલાઓ મેદશ્વિતાને શરીરથી કેવી રીતે દૂર રાખી શકાય છે તેનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# ખોરજમાંથી વધુ એક કોલેરાનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગર તાલુકાના ખોરજ ગામેથી વધુ એક કેસ કોલેરાનો પોઝીટીવ મળી આવતાં જિલ્લા આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો મુજબ ખોરજ નજીકની એક ખાનગી કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતી મહિલાને કોલેરા પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. ગત સપ્તાહે આ જ વિસ્તારમાંથી ચાર શંકાસ્પદ કેસ મળ્યા હતા. જેમાંથી બે કેસમાં કોલેરા પોઝીટીવ જણાયો હતો જ્યારે બે કેસના પરીક્ષણ નેગેટીવ જણાયા હતા. બન્ને બાળકો હાલ સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ આ વિસ્તારમાં હવે સઘન સર્વેલન્સ શરૂ કર્યું છે. તેમજ પાણીના નમુના લઈ ક્લોરીનેશનના ટેસ્ટ પણ કરવામાં આવ્યા છે જેના રિપોર્ટ મળવાના હોવાનું જાણવા મળેલ છે.

ખોરજ ખાતે ઓ.પી.ડી. પણ શરૂ કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

# આખરે કેશુબાપાનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૧૩
જી.પી.પી.ના અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યા બાદ આજે કેશુભાઈ પટેલે વિસાવદર બેઠક પરથી જીપીપીના ધારાસભ્યપદેથી રાજીનામુ આપીને સક્રિય રાજકારણમાંથી નિવૃત્તી લઈ લીધી છે.

ભાજપ સાથે છેડો ફાડીને જી.પી.પી.ની સ્થાપના કરનાર કેશુભાઈ પટેલ ગત વિધાનસભા ચૂંટણીમાં વિસાવદર બેઠક પરથી જી.પી.પી.ના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. જો કે તેમના પક્ષને કારમો પરાજય મળવા પામ્યો હતો.

જી.પી.પી.ને પરાજય મળ્યા બાદ કેશુભાઈ જી.પી.પી.માં નિષ્ક્રીય થઈ ગયા હતા અને થોડા દિવસો અગાઉ જ જી.પી.પી.ના અધ્યક્ષપદેથી રાજીનામુ આપીને રાજકારણમાંથી નિવૃત્તિનો સંકેત આપ્યો હતો.

કેશુભાઈ પટેલે ગઈકાલે પોતાના મતવિસ્તાર વિસાવદરમાં સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરીને ધારાસભ્યપદેથી રાજીનામુ આપવાની રજા મેળવ્યા બાદ આજે કેશુભાઈ પટેલ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈને મળીને ધારાસભ્ય પદેથી કેશુભાઈએ રાજીનામુ આપ્યું હતું.

કેશુભાઈ પટેલે વિસાવદરના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતાં ખાલી પડેલી આ બેઠકની પેટા ચૂંટણીમાં તાજેતરમાં જ ભાજપમાં પ્રવેશ મેળવનાર કેશુભાઈના જ પુત્ર ભરત પટેલને ભાજપ ટીકીટ આપી ચૂંટણી લડાવશે.

કેશુભાઈના રાજીનામાથી વિસાવદરની બેઠક ખાલી થતાં વિધાનસભાની ખાલી પડેલી કુલ ત્રણ બેઠકોની પેટા ચૂંટણીઓ આવશે.

કેશુભાઈ પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યા બાદ હવે આગામી ટુંક સમયમાં ગુજરાત પરિવર્તન પાર્ટીનું પણ ભાજપમાં વિલીનીકરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# રાજપૂત સમાજનો ૧૭મો સમૂહ લગ્નોત્સવ
# ૯૨ નવયુગલો પ્રભુતામાં પગલાં પાડશે

## સમાજમાંથી કુરિવાજો અને ખોટા વ્યવહારો દૂર કરવાના ઉમદા આશય સાથે ૧૬મીએ અંબોડમાં સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧૩
સમાજમાંથી કુરિવાજો અને ખોટા વ્યવહારોની પ્રથા બંધ થાય તેવા ઉમદા આશય સાથે ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ અંબોડ ખાતે ૧૭મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં ૯૨ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના મહામંત્રી મહેન્દ્રસિંહ એ. વાઘેલા તેમજ સહમંત્રી જશુજી લક્ષ્મણસિંહ પરમારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રાજપૂત સમાજ દ્વારા આગામી તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ જિલ્લાના અંબોડ ગામ ખાતે સત્તરમા સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજ દ્વારા વાસણ ગામથી સમૂહલગ્નની શરૂઆત કરવામાં આવી હતી. રૂઢીચુસ્ત સમાજ હોવા છતાં આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને સહાય પૂરી પાડવા માટે તેમજ કુરિવાજો અને ખોટા વ્યવહારો બંધ કરવાના ઉમદા આશય સાથે રાજપૂત સમાજ દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. અંબોડ ગામના અગ્રણીઓની ઈચ્છા તેમજ શહેરમાં જગ્યાના અભાવને ધ્યાને લઈ ૧૭મા સમૂહ લગ્નોત્સવનું આયોજન અંબોડમાં સ્થિત મહાકાળી મંદિર પાસે કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં ૯૨ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. આ પ્રસંગે વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા, નિવૃત્ત આઈ.એ.એસ. આર.એમ. વાઘેલા, મેયર મહેન્દ્રસિંહ રાણા, શંકરસિંહ રાણા જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ સરદારસિંહ ગોલ, રતનસિંહ મનુભા વાઘેલા, નટવરસિંહ બાબુસિંહ વાઘેલા સહીત ૩૫ હજારથી વધુ સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહેશે. સમાજના મહામંત્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે શિક્ષણનું સ્તર ઉંચું લાવવા સમાજ દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની તાલીમ પણ આપવામાં આવે છે. ઉપરાંત મેડીકલ તેમજ એન્જિનીયરીંગ ક્ષત્રે અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પુસ્તકો ઉપરાંત શિક્ષણલક્ષી જરુરી સામગ્રી પણ પુરી પાડવામાં આવે છે. સમુહ લગ્નોત્સવનું આયોજન અન્ય જિલ્લાઓ માટે પણ પ્રેરણાદાયી બની રહેશે.

## શબ્દાવલી - ૫૩૧૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ■ | ૭ | | ૮ | | | ■ | |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | |
| ૧૧ | | ૧૨ | | ૧૩ | ■ | ■ | |
| ■ | ■ | | ■ | ૧૪ | ૧૫ | | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| | ■ | ■ | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | | | | ■ | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. ડગલું, ડગ (૩)
૪. વહાણ, ખોટ, શીપ (૪)
૭. રણમાં યુદ્ધ, રણ મોરચો(૫)
૯. ભૂખ લાગે તો... જોઇએ(૨)
૧૦. બેશરમ, નિર્લજ્જ (૩)
૧૧. વાઘબારસ પછીનો દિવસ (૫)
૧૪. લાજ, મર્યાદા (૩)
૧૬. સાધુ, સંત (૩)
૧૭. પાવર, બેટરી વગેરેમાં નંખાય (૨)
૧૯. ભારતનો રહેવાસી (૫)
૨૧. સત્યવાણી, જ્ઞાન (૪)
૨૨. દૂધની મલાઇ (૨)

### ઊભી ચાવી

૨. ગેટકીપર, દ્વારપાળ (૩)
૩. ૨૦ કિલોનું માપ (૨)
૪. દિલ્હીનું એક શહેરમાં જેમાં તાજમહેલ આવેલ છે (૨)
૫. જવાની ક્રિયા (૩)
૬. ચણાના લોટની એક વાનગી (૪)
૮. સૃષ્ટિ, જગત (૩)
૯. ખોટ, ખાવા યોગ્ય (૨)
૧૨. એક પક્ષી (૩)
૧૩. તલવાર (૪)
૧૫. પરિસ્થિતિ (૩)
૧૬. એક શાક (૩)
૧૮. શરીરની..., પ્રકૃતિ (૩)
૧૯. બેનની દીકરી (૨)
૨૦. ચર્ચા, વાતો કરવી તે (૨)

### શબ્દાવલી ૫૩૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરેશાન (૪) વાહક (૬) ખખડધજ (૮) ક્ષાર (૧૦) શિકારી (૧૨) ખરી (૧૩) રોપા (૧૪) કુવાસી (૧૫) શાળ (૧૬) મીલનસાર (૧૯) હીતકર (૨૦) તાસીર (૨૧) વોકર

**ઊભી ચાવી :-** (૧) પરીક્ષા (૨) શાખ (૩) નખશિક (૪) વાઘરી (૫) હજ (૭) ડકારી (૯) રખેવાળ (૧૧) પાપાચરણ (૧૪) કુશાગ્રતા (૧૬) મીત (૧૭) લકવો (૧૮) નરક (૧૯) હીર



શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જયાં વહે શિક્ષણનો અધિકાર, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સૌ ભણે, સૌ આગળ વધે, વગેરે શિક્ષણ સુત્રોથી ચિલોડા પ્રાથમિક શાળાનું આશરે ૧૩ લાખની કિંમતનું અદ્યતન શાળાનું નવું મકાન સુવિધા પ્રાપ્ત થતાં અપર પ્રાથમિક વિભાગ અને આચાર્યની ઓફિસનું અલાયદુ બે માળના મકાનથી શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓને સુવિધા પ્રાપ્ત થતાં આનંદ સાથે રાહતની લાગણી પ્રવર્તી રહી છે.
(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## શ્રીમદ્ ભાગવત કથાનો શુભારંભ

શહેરમાં રામકથા મેદાન સેક્ટર-૧૧ ખાતે સૌપ્રથમવાર શહેરના આંગણે પધારેલ પૂજ્યશ્રી ચિન્મયાનંદજી બાપુ રાષ્ટ્રીય સંત હરિદ્વારા વાળાની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથાનો આજથી શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં દિપ પ્રાગટ્ય ગુરૂજી રામકુમારદાસજી મહારાજ, નરેન્દ્ર પુરોહીત, કાન્તીભાઈ સુથણી, રમાબેન પુરાણી માજી સાંસદ, ભરતભાઈ પટેલ, સંયોજક વિપુલ ઠાકર, ગુડાના ચેરમેન, અશોકભાઈ ભાવસાર, (ઉ) ધારાસભ્ય અશોકભાઈ પટેલ, (દ) ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર મહેન્દ્રસિંહ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા, ચેરમેન આશિષભાઈ દવે સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



ભારતમાં અમેરિકી રાજદૂત નેન્સી પોવેલ આજે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. આની સાથે જ મોદીના અમેરિકા દ્વારા નવ વર્ષના બહિષ્કારનો અંત આવ્યો હતો. મોદીના સરકારી આવાસ પર આ બેઠક યોજાઈ હતી. બંને રાજનેતાઓએ ખૂબજ ઉષ્માપૂર્ણરીતે એકબીજા સાથે હાથ મિલાવ્યા હતા. નેન્સી પોવેલે મોદીની સાથેની વાતચીત દરમિયાન લોકસભા ચૂંટણી સાથે જોડાયેલા મુદ્દા અને દેશ અંગે તેમની વિચારધારા અંગે માહિતી મેળવી હતી. પોવેલ અને મોદી વચ્ચે વાતચીતને લઈને પડદાપાછળ ચાર મહિનાથી ચર્ચા ચાલી રહી હતી. આ પ્રયાસમાં અનેક અમેરિકી સાંસદ અને કારોબારી સામેલ રહ્યા હતા. પોવેલે દિલ્હીમાં પણ મોદીને મળવાની દરખાસ્ત રજુ કરી હતી પરંતુ તે વખતે આ વાતચીત શક્ય ન હતી. આખરે ૧૪મી જાન્યુઆરીના દિવસે એક કાર્યક્રમ દરમિયાન રાજદૂતો તરફથી રજુ કરવામાં આવેલા પ્રસ્તાવને મોદીએ સ્વીકારી લીધો હતો. આજે વાતચીત દરમિયાન અનેક મુદ્દાઓ છવાયા હતા. આશરે એક કલાક અને ૧૫ મિનિટ સુધી આ વાતચીત ચાલી હતી જોકે જટિલ વિઝા પ્રતિબંધ મુદ્દા પર ચર્ચા થઈ ન હતી. વર્ષ ૨૦૦૨ના રમખાણ દરમિયાન ગુજરાતમાં લઘુમતિના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળતા બદલ મોદી પર આ પ્રતિબંધ મુકાયો હતો. પોવેલ અને મોદીએ બંને દેશો વચ્ચે વેપાર અને કારોબારી મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી.

# મોદીની હાજરીમાં વિજય શંખનાદ યુવા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૩
ભારતીય જનતા યુવા મોરચા દ્વારા વિજય શંખનાદ યુવા સંમેલન આગામી તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવશે. સંમેલનમાં ગુજરાતના પ્રદેશ પ્રભારી ઓમ માથુર, પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ અને યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અનુરાગ ઠાકુર ઉપસ્થિત રહેશે.

સરદાર પટેલ સ્ટેડિયમ અમદાવાદ ખાતે સાંજે ૪.૦૦ કલાકે યોજાનાર સંમેલનમાં ઉપસ્થિત એક લાખથી વધારે યુવાનોને ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપાના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સંબોધન કરશે. સંમેલનમાં આવનાર યુવાનો રૂ. ૧૦ આપી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. જેની વ્યવસ્થા જિલ્લાઓમાં વિધાનસભા સીટ દીઠ અને કોલેજ કેમ્પસોમાં ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવી છે. આ પુરસંગે સંગીત આલબમ 'વોટ ફોર ઈન્ડીયા-વોટ ફોર નમોનું' લોચીંગ કરવામાં આવશે.

## ભારે ફેરબદલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે તેમાં શ્રી ડી.પી. વણકર, કે.એ. પટેલ, એન.બી. ગોર, એમ.બી. દરજી, આઈ.એલ. દેસાઈ, ટી.એફ. ઝાલા, કે.એ. શિકારી, જે.વી. પરમાર, આઈ.વી. દેસાઈ, બી.વી. ચાવડા, એસ.એ. પરમાર, જી.એસ. પ્રજાપતિ, આઈ.વી. દેસાઈ, પી.જે. પરમાર, પી.વી. ગોહિલ, બી.પી. પટેલ, ડી.ડી. સોનવણે, બી.સી. વ્યાસ, શ્રીમતિ ડી.પી. પટેલ, કુ. આર.જે. માયાવંશી, શ્રીમતિ આર.એ. મકવાણા, આઈ.એ. પટેલ, શ્રીમતિ સી.જે. પટેલનો સમાવેશ થાય છે.

જયારે જમીન ફાળવણીના સર્કલ ઓફિસર શ્રી જે.પી. રબારી, માણસાના શ્રી એલ.એચ. દેસાઈ, દબાણ શાખાના શ્રીમતી જી.એન. ચૌહાણ, કલોલના શ્રી બી.ડી. ચાવડા, જમીન શાખાના બી.બી. પ્રજાપતિ, શ્રી ડી.બી. રાવલ, શ્રી ડી.એલ. વાઘેલા, મનોરંજનના શ્રીમતિ ડી.જે. પંડયા, કલોલના શ્રી કે.વી. રાવ, જમીન સુધારણાના શ્રી એન.આર. દેસાઈ, શ્રી એલ.એ. ચાવડા, આયોજનના શ્રીમતિ એચ.એન. જોશીની બદલી કરવામાં આવી છે.

## કંપની સમાચાર

### ઈવોક દ્વારા અમદાવાદ શહેરમાં તેના પ્રથમ મેગા હોમ સ્ટોરનો પ્રારંભ

#### પશ્ચિમ ભારતના બજારમાં હાજરી મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે

દેશમાં ૧૭ મેગા ફોર્મેટ સ્ટોર ધરાવતી સ્પેશ્યાલીટી હોમ ઈન્ટીરીયર ચેઈન ઈવોક દ્વારા આજે અમદાવાદમાં તેના સ્ટોરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઈવોકનો આ દેશનો ૧૮મો મેગા ફોર્મેટ સ્ટોર છે અને આ વર્ષે કલ્યાણનગર- બેંગલોર અને મુંબઈમાં મલાડ પછી ત્રીજો સ્ટોર શરૂ થયો છે. એસ.જી. હાઈવે ઉપર ૧૦,૦૦૦ ચો.ફૂટ વિસ્તારમાં પથરાયેલો આ સ્ટોર ઝોડિયેક સ્કેવરમાં આવેલો છે. આ સ્ટોર જે મુખ્ય પ્રોડકટસ ઓફર કરશે તેમાં સોલીડ વુડ ફર્નિચર, મોડ્યુલર કિચન્સ, મોડ્યુલર વાર્ડ રોબ્ઝ, હોમ ડેકોર અને હોમ ફર્નિશિંગ્સનો સમાવેશ થાય છે. કોઓર્ડીનેટર હોમ ઈન્ટીરીયર સોલ્યુશન્સમાં 'વેલ્યુ ફોર સ્ટાઈલ' દ્વારા સીમાચિહ્ન સ્થાપનાર આ સ્ટોર ઈવોકના બિઝનેસ વૃદ્ધિના આયોજનને આગળ ધપાવી રહ્યો છે. અહીં સોફા સેટસ, બેડઝ, ડાઈનીંગ ટેબલ, કોફી ટેબલ વગેરે વિવિધ હોમ ડેકોરની ચીજો ધરાવતો ઈવોક, સ્ટાઈલીશ આરામદાયક ઘરના ડીઝાઈનીંગ માટે મુલાકાત લેવા યોગ્ય આદર્શ સ્ટોર બની રહેશે.

સસ્તી એર ટીકીટ
પ્રમાણિત રેલવે બુકીંગ એજન્ટ
પેકેજ ટુર-વીઝા સર્વિસ
સ્વાગત સર્વિસીસ
સંપર્ક : ૯૧૭૩૮૯૬૨૯૪

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ